RESEARCH REVIEW JOURNALS
Volume-1
Issue-10
October-2016

ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com

# અંધશ્રધ્ધા અને ધર્મશાસ્ત્રો

ડૉ.અમૃતલાલ વી. દેસાઈ
*મહિલા આર્ટ્સ કૉલેજ, મોતીપુરા, હિંમતનગર*

ભારતમાં ધર્મ અને તેનું પ્રતિપાદન કરનાર ગ્રંથ તરફ અપાર શ્રદ્ધા બહુજનસમાજમાં ઘર કરી ગયેલી જણાય છે પણ એક ખાસ વિચારણીય બાબત છે કે શ્રદ્ધા એ આત્મપ્રાપ્તિનું, જ્ઞાનપ્રાપ્તિનું અત્યંત આવશ્યક લક્ષણ હોવા છતાં જો તે અંધશ્રદ્ધામાં પરિણમે તો પતનનું પણ પગથિયું બની રહે છે.

ઈશ્વર સર્વશક્તિમાન છે એમ માનવું એ શ્રદ્ધા છે પણ ઈશ્વરના દરેક કૃત્યો કે જે સામાન્ય સમજમાં ન આવે ત્યાં ઈશ્વરે પોતાની દૈવી શક્તિનો જ ઉપયોગ કર્યો છે એવું સ્વીકારી લેવું એ ઈશ્વરની સમજશક્તિનું અપમાન કરવા બરાબર છે જ્યાં આપણે ન સમજીએ – સમજી ન શકીએ ત્યાં સમજવાનો પ્રયત્ન કરવો જરૂરી છે નહિ કે બધે જ બધુ દિવ્ય જ બન્યું એમ માની લેવું ? આ પ્રસંગે એક ઉદાહરણ નોંધપાત્ર છે.

એકવાર એક સમર્થ યોગીને પોતાના શિષ્યને થોડી ઘણી સિદ્ધિઓથી સજ્જ કર્યો. ગામમાં ભિક્ષા લઈને પાછા ફરતાં એ શિષ્યને પોતાની સિદ્ધિ બતાવવાનું મન થઈ ગયું. આખરે અધૂરો ઘડો છલકાયો. તેણે ગામના લોકોની હાજરીમાં નદી ઓળંગવા માટે નાવનો ઉપયોગ ન કર્યો. પરંતુ નદીના પાણી પરથી ચાલતો ચાલતો એ પેલે પાર પહોંચ્યો. અત્યારે તેના મનમાં સંપાદિત કરેલી સિદ્ધ થયાનું ગૌરવ અને અપાર આનંદ હતો. હરખમાં ને હરખમાં તે ગુરુ પાસે પહોંચ્યો અને આનંદના અતિરેકમાં આવીને તેણે આ વાત ગુરુદેવને જણાવી. તેણે ગુરૂદેવ પ્રસન્ન થશે તેવી અપેક્ષા રાખી હતી. પરંતુ તેથી ઊલટું ગુરુદેવે પાસે પડેલો ચીપિયો ઉપાડીને બે ઠોકી દીધા. અને બોલ્યા "મુર્ખ જે કામ દસ નયા પૈસામાં થઈ શકતું હતું તેને માટે તે તારી કેટલી બધી તપસિદ્ધિ વેડફી નાંખી ?"

જો સંસારમાં સામાન્ય ગુરુને પણ જો આવું જ્ઞાન હોય તો જ્ઞાનિધિ કોઈ અતિઆવશ્યક પ્રસંગ વિના પોતાની શક્તિ વેડફે ખરો ? પરંતુ ભારતમાં એક વસ્તુ અવિરતપણે બનતી આવી છે કે ગ્રંથના લેખકો પોતાના કથાનાયકના ચરિત્રને દર્શાવવા માટે દૈવી તત્વોનો આધ્યારોપ કરે છે. નાયકનું ચરિત્ર બુદ્ધિગમ્ય હોય તો પણ તેને દૈવી દર્શાવવામાં જ ઈતિકર્તવ્ય સમજે છે. પરિણામે ઈતિહાસ તરફ આંખ મીચાંમણા થાય છે. ગૌતમ બુદ્ધનું ચરિત્ર વિચારીએ, તેનો આત્મા પૂર્વના સંસ્કારોથી ભવ્ય અને નિર્મળ જેવો હતો. વૃદ્ધ, રોગી અને શબને જોતા જગતનાં દુઃખનું પ્રતિબિંબ તેમાં પડ્યું. સ્વતંત્ર રીતે વિચારતાં જણાયુ કે દુઃખનો નાશ કરવાના વિચારે સંસારને એક રાત્ર ત્યજી દીધો. વિશાળ રાજ્ય, પ્રેમાળ પિતા, સ્નેહાળ માતા, સુંદર પત્ની કે બાળક પુત્ર સહુનો ત્યાગ 'બહુજનહિતાય' કર્યો અને તપથી જ્ઞાન મેળવ્યું.

ગૌતમના આ બુદ્ધિગમ્ય અને ઈતિહાસની આરસીમાં પ્રતિબિંબિત થતા ચરિત્રને સહુ કોઈ સમજી શકે તેમ છે. પરંતુ જ્યારે તે કવિઓ, ભક્તો કે સાધુઓના હાથમાં આવ્યું ત્યારે તેને દૈવી બનાવી દીધુ. જ્યાં કોઈ કાર્ય સામાન્ય મનુષ્યની સમજમાં ન આવે એટલે તેમાં દેવતાઓએ કે ભગાવને 'આમ કર્યું' 'તેમ કહ્યું' એવું ઉમેરી દેવાય છે. ઉપરના જ ચરિત્ર વિશે વિચારીએ તો જણાશે કે ગૌતમના માર્ગમાં દેવતાઓએ રોગી અને વૃદ્ધને ઉત્પન્ન કર્યો. પછી ત્રીજીવાર શબને ઉત્પન્ન કર્યું. આ શબને ફક્ત ગૌતમ અને તેનો સારથિ જ જોઈ શકતા હતા. માર્ગમાં બીજુ કોઈ નહિ પછી એક દેવ સંન્યાસીનું રૂપ લઈને આવ્યો. ગૌતમને જ્યારે મહાભિનિષ્ક્રમણની ઈચ્છા થઈ ત્યારે તેના મહેલનાં અને નગરનાં દરવાજા આપોઆપ ઉઘડી ગયા. વાસ્તવમાં ગૌતમના દિલના દરવાજા ઉઘડી ગયા હતા. બાકી તો દેવોએ ત્યાં આવીને કોઈ દરવાજા ઉઘાડ્યા ન હતા. પણ ગૌતમ મહાન છે, તેના જીવનમાં સ્વર્ગનાં દેવો પણ રસ લે છે એવું દર્શાવવા માટે પાછળથી માનવની બુદ્ધિમાં આવી શકે તેવા ચરિત્રને દૈવીનો ઓપ આપ્યો છે. આ અંધશ્રદ્ધાથી ઉત્પન્ન થયેલી રીત સત્યને ઢાંકી દે છે.

મહાભારતનું અધ્યયન કરતાં પણ આ વાત સ્પષ્ટ જણાઈ આવે છે. ત્યાં ભગવાન શ્રીકૃષ્ણના ચરિત્રને રજૂ કરવામાં દૈવી તત્વ ઉમેરી લીધું છે. એક જ ઉદાહરણ રસ છે.

શ્રીકૃષ્ણની બુદ્ધિ – ચાતુરી સામાન્ય માનવીઓ કરતાં વધુ ઉચ્ચ હતી. જે અલ્પજ્ઞો કે અનલ્પજ્ઞાનો પણ સમજતાં વાર લાગે તે શ્રીકૃષ્ણ સહેલાઈથી સિદ્ધ કરી લેતા. કોઈ સ્વયંવરમાં તે ઉપસ્થિત થાય કે તરત સમજુ પ્રતિસ્પર્ધિઓ બાજુએ બેસી જવાનું પસંદ કરતા. જીવનના કોઈપણ ક્ષેત્રમાં હાર કે પાછી પાની તેઓએ કરી ન હતી. પરાજય જેવો શબ્દ તેમના શબ્દકોશમાં નહોતો. આ બધુ તેઓની પ્રતિભાને આભારી હતુ.

આપણા ધર્મશાસ્ત્રોના રચયિતાઓએ તેમના કર્મોનાં વર્તન માટે કમર કસી. વ્યાસ જેવા પ્રતિભાવંત મહર્ષિએ મહાભારત જેવા

© RRIJM 2015, All Rights Reserved

ભવ્યાતિભવ્ય ગ્રંથમાં શ્રી કૃષ્ણનું જીવન કાવ્યમય રીતે રજૂ કર્યું, પણ પાછળતી તેમની આ કૃતિમાં અનેક પ્રસંગો ક્ષેપક રૂપે ઉમેરાયા છે એમ આજે વિદ્વાનો સ્વીકારે છે. દા.ત. ગીતાના ગાયક શ્રીકૃષ્ણ શાંતિપર્વમાં પાછળ એવું કહેતા બતાવ્યા છે કે તેઓ ગીતાનું જ્ઞાન ભૂલી ગયા ! આ તે સાચું મનાય ?

મહાભારતના યુદ્ધનો એક પ્રસંગ લઈએ. કર્ણ વર્ષોથી પૂજીને તૈયાર કરેલા બાણનું અનુસંદઆન કર્યું. આકાશમાં રહેલો ઈન્દ્ર ગભરાઈ ઊઠ્યો. તે બ્રહ્માજી પાસે ગયો પણ બ્રહ્માએ સ્પષ્ટ જણાવ્યું કે હવે શું થશે એ ખબર નથી કર્ણનું મંત્રપૂત બાણ નિષ્ફળ જાય નહિ. કર્ણ જેવો બાણાવળી નિશાન ચૂકે પણ નહિ અને જો તે અર્જુનને વાગે તો અર્જુન બચે પણ નહિ. છતાં હું તો એટલું જ કહીશ કે જય અર્જુનનો જ થશે કારણ તેના સહાયક શ્રીકૃષ્ણ છે.

બીજી બાજુ શલ્ય કર્ણને બાણનું અનુસંધાન બરાબર કરવાનું કહ્યું. અને તેણે જવાબ આપ્યો કે કર્ણ બીજીવાર નિશાન લેતો નથી. બાણ ધનુષ્ય પરથી છૂટ્યુ અને શ્રીકૃષ્ણે ઘોડાની લગામ જોરથી ખેંચી ઘોડા બે પગે ઊભા થઈ ગયા અને શ્રીકૃષ્ણે ઘોડાની લગામ ઢીલી મૂકી દીધી. તરત ઘોડા પૃથ્વી પર પડ્યા. તેઓ આગળના પગે ઘૂંટણભેર થઈ ગયા પરિણામે રથ એકાદ હાથ જેટલો નીચો થઈ ગયો કર્ણનું બાણ કે જે સીધું અર્જુનના ગળે આવવાનું હતું તે આવ્યું તો સીધું પરંતુ ગળાને બદલે મુગટ પર આવ્યું કારણ રથની સાથે અર્જુન પણ એક હાથ જેટલો નીચો વળી ગયો હતો. શ્રીકૃષ્ણની ચતુરાઈથી અર્જુનનો ભવ્ય બચાવ થયો.

આ ચતુરાઈને સીધી સમજવાને બદલેસ આ પ્રસંગમાં પાછળતી ઉમેરી દીધું કે ભગવાની પણ દાબ્યો અને પૃથ્વીમાં રથ એક હાથ નીચો ઉતરી ગયો. આથી અર્જુન બચી ગયો. પણ આવું કરવાની શી જરૂર ? જે વસ્તુ, સામાન્ય સમજમાં આવી શકે તેવી હોય તેમાં દૈવીતત્વ મેળવી દેવાથી તે વસ્તુના સત્યાંશનો સર્વશા નાશ થાય છે. ધર્મ સાચો, ધર્મશાસ્ત્રો સાચા પણ તેમાં ઘણો ઘટાડો-વધારો કરનારાઓએ થોડું મીઠુ નાખ્યં. આમ થોડું થોડું મીઠું ઉમેરાતાં એ ખરાં બની જાય તેવી પરિસ્થિતિ આવી. આથી જો ધર્મશાસ્ત્રનું સાચું અધ્યયન કરવું હોય તો મનુષ્યે ક્ષીરનીરની દૃષ્ટિ કેળવવી જોઈએ. તેમાંથી અંધશ્રદ્ધાને કારણે ઉતરી આવેલો ભાગ વિવેકથી દૂર કરી જેમ હંસ દૂધ અન પાણીમાં દૂધ જ ગ્રહણ કરે છે તેમ સત્યને જ પકડવું જોઈએ. આમ કરવામાં આવે તો જ સત્યનું દર્શન સુલભ બને. બાકી ધર્મશાસ્ત્રના અધ્યયનની આવશ્યકતા આ યુગમાં સહુથી વધુ ઉપસ્થિત થી છે. માનવ મૂલ્યોનું જ્યાં ઝડપથી અધઃપતન થઈ રહ્યું છે એવા સમાજમાં આપણે પ્રગતિ કરવાની છે. જો કોઈ બાણને વધુ આગળ જવું હોય તો જેમ બને તેમ ધનુષ્ય પર પાછળ ખેંચવું જોઈએ. બસ તેવી જ રીતે જો આપણે પણ ઝડપથી ઘણે દૂર સુધી પ્રગતિ સાધવી હોય તો આપણા ભૂતકાળ તરફ આપણા ધર્મશાસ્ત્રો અને ધર્મપ્રધાન સમાજ તરફ વળવું જ રહ્યું. તેમાં અધોગતિ નહિ પણ આગળ ગતિછે, પ્રગતિ જ છે.

© RRIJM 2015, All Rights Reserved